RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 14* Date: 03.11.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મોરબી દુર્ઘટનાનો રાજ્યભરમાં શોક

■ અમદાવાદના ટાગોર હોલમાં શોકસભા યોજાઈ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં

■ સરકારી સંસ્થા પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો,ઠેર ઠેર પ્રાર્થના સભાઓ,મૌન રેલી કાઢવામાં આવી



અમદાવાદ,તા.ર

રવિવારની સાંજે મોરબીનો ઝૂલતો પુલ ધરાશાયી થતાં સેકન્ડોની અંદર ૧૩૫થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યા હતા. આ ગોઝારી ઘટનાને લઈને આજે ગુજરાતમાં રાજયવ્યાપી શોક મનાવવામાં આવ્યો હતો મોરબી દુર્ઘટનાના દિવંગત આત્માઓને હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના ટાઉનહૉલ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.એએમસી દ્વારા આયોજિત આ પ્રાર્થનાસભામાં રામધૂન અને ભજનોની પ્રસ્તુતિ સાથે દિવંગત આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ટાગોર હૉલમાં ભાવભીનો માહોલ છવાઈ ગયો હતો. અમદાવાદના ટાઉન હૉલ ખાતેના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર,અમદાવાદ શહેર મેયર કિરીટભાઈ પરમાર, સ્થાનિક સાંસદ અને ધારાસભ્યો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર, કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપરાંત મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ સભાના અંતે બે મિનિટ મૌન પાળી દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

દરમિયાન રાજકોટમાં કોર્પોરેશન, કલેકટર, જિલ્લા પંચાયત સહિત દરેક સરકારી કચેરીમાં આજે અડધી કાઠીએ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો મોરબી દુર્ઘટનામાં જીવ ખોનારા દિવંગતોના આત્માની શાંતિ માટે રાજકોટ મહાનગરપાલિકા કચેરી ખાતે પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મૃતકો પ્રત્યે પ્રાર્થના યોજાઇ હતી જયારે બાર એસોસિયેશન દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી રાજયવ્યાપી શોકમાં શહેરભરના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં અને મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી ખોડલધામ મંદિરે દરરોજ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. જયારે આજે રાજયવ્યાપી શોકના પગલે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. તેમજ મોરબી બાદ રાજકોટ બાર એસોસિયેશન દ્વારા પણ આરોપીઓ તરફી કેસ નહીં લડવાનો નિર્ણય કર્યો છે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આજે મોરબીની દુર્ઘટનામાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે શહેરના ૧૩ વોર્ડમાં જુદી જુદી જગ્યાઓ પર પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરના મોટીબાગ ટાઉનહોલ ખાતે રાજ્યના કેબિનેટ શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, સાંસદ ભારતીબેન શિયાળ સહિત મનપાના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું.ત્યારે રાજયવ્યાપી શોકમાં ખેડા જિલ્લો સહભાગી બની તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. ખાસ કરીને જિલ્લાની કચેરી પર લહેરાતા રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. આ ઉપરાંત ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો, સામાજિક સંસ્થાઓ સહિતના લોકોએ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. કેન્ડલ માર્ચ તથા આજે મૌન સભાનું પણ ઠેર ઠેર આયોજન કરવામાં આવ્યું હતું

જૂનાગઢ મનપા દ્વારા પ્રાર્થના સભા યોજાઈ હતી દામોદર કુંડ ખાતે યોજાયેલી પ્રાર્થના સભામાં સાધુ સંતો ઉપરાંત મનપાના પદાધિકારીઓ અને શહેરીજનો જોડાયા હતાં જયારે સુરતમાં અલથાન કોમ્યુનિટી હોલ ખાતે સુરત પાલિકા દ્વારા પ્રાર્થના સભા યોજાઇ હતી જેમાં ધારાસભ્ય સંગીતા પાટીલ, પાલિકા કમિશ્નર, સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પટેલએ પ્રાર્થના સભામાં હાજરી આપી દિવંગત ના આત્મા ને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી

આજે રાજ્ય વ્યાપી શોક. વિધાનસભા,સ્વર્ણિમ સંકુલ સહિત તમામ સરકારી કચેરી પર અડધી કાઠી એ ધ્વજ ફરકવાયો હતો અને તમામ સાંસ્કૃતિક અને મનોરંજન ના કાર્યક્રમો કરાયા રદ કરાયા હતાં અને રાજયમાં અનેક જગ્યાએ શોક સભાનું કરાયું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ હસ્તકની ઓફિસોમાં આજે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો મોરબીની ગોઝારી દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ મુલાકાત લઈને અસરગ્રસ્તોને સાંત્વના આપી હતી. મોદીની મોરબી મુલાકાત અંગે જાણકારી આપતા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું કે વડાપ્રધાને દુર્ઘટના સ્થળનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી હતી

## યુપીમાં યોગીના રાજમાં પાંચ ધારાસભ્યોને પોતાનું સભ્ય પદ ગુમાવવું પડયું છે

### આદિત્યનાથ સરકારના પહેલા કાર્યકાળમાં ચાર ધારાસભ્યોનું સભ્ય પદ રદ થયું છે જયારે બીજા કાર્યકાળમાં આઝમ ખાનનું રદ થયું છે

લખનૌ,તા.ર

ઉત્તરપ્રદેશની રાજનીતિમાં મુસ્લિમ ચહેરો મનાતા આઝમ ખાનનું વિધાનસભાનું સભ્ય પદ રદ કરવામાં આવ્યું છે.ગત સાડા પાંચ વર્ષમાં યુપીમાં પાંચ ધારાસભ્યોનું સભ્ય પદ રદ કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચુંટણીમાં ઉશ્કેરણીજનક ભાષણ આપવાના કેસમાં એમપી એમએલએ કોર્ટે આઝમ ખાનને દોષિત ઠેરવ્યાના ૨૪ કલાકની અંદર તેમનું સભ્ય પદ રદ કરી દેવામાં આવ્યું હતું આવામાં સવાલ ઉઠે છે કે જે ઝડપથી આઝમ ખાન પર પગલા ઉઠાવવામાં આવ્યા તેવા ઝડપથી ભાજપ નેતાઓ સામે પગલા કેમ ઉઠાવવામાં આવ્યા નહીં

રાજયમાં યોગી આદિત્યનાથ સરકારના પહેલા કાર્યકાળમાં ચાર ધારાસભ્યોનું સભ્ય પદ રદ થયું છે જયારે બીજા કાર્યકાળમાં આઝમ ખાનને પોતાનું સભ્ય પદ ગુમાવવું પડયુ છે.

આઝમ ખાનના પુત્ર સપા ધારાસભ્ય અબ્દુલ્લા આઝમ ઉપરાંત ભાજપના ધારાસભ્ય રહેલ અશોક ચંદેલ,કુલદીપ સિંહ સેંગર અને ઈદ્ર તિવારી ઉર્ફે ખબ્બુ તિવારીને કોર્ટથી સજા થયા બાદ ધારાસભ્યનું પદ ગુમાવવું પડયુ છે આ રીતે સપાના બે ધારાસભ્યોનું સભ્ય પદ રદ થયું છે તો ભાજપના ત્રણ ધારાસભ્યોએ પોતાનું સભ્ય પદ ગુમાવ્યું છે.

જો કે ઉત્તરપ્રદેશ જ નહીં પરંતુ દેશના રાજકારણમાં આઝમ ખાન પહેલા સભ્ય છે જયાં તેમને અને તેમના પુત્રને અલગ અલગ કારણોને કારણે સભ્ય પદ ગુમાવવું પડયું છે.

અબ્દુલ્લા આઝમનું વિધાનસભાનું સભ્ય પદ વર્ષ ૨૦૧૭ની ચુંટણીમાં ઉમેદવારીપત્રકમાં નકલી જન્મ પ્રમાણપત્ર લગાવવા પર ગયું હતું ડિસેમ્બર ૨૦૧૯માં કોર્ટે લોકપ્રતિનિધિ અધિનિયમ હેઠળ તેમનું ચુંટણી શૂન્ય જાહેર કરતા અબ્દુલ્લાનું સભ્ય પદ રદ કરી દેવામાં આવ્યું હતું જયારે રામપુર બેઠકથી ૧૦મી વાર ધારાસભ્ય બનેલ આઝમ ખાનને હેટ સ્પીચ મામલે સભ્ય પદ ગુમાવવું પડયું છે. એમપી એમએલએ કોર્ટનો નિર્ણય આવ્યાના ૨૪ કલાકમાં જ અધ્યક્ષ સતીશ મહાનાએ તેમનું સભ્ય પદ રદ કરી દીધુ હતું.

યોગી સરકારના પહેલા કાર્યકાળમાં ભાજપના ત્રણ ધારાભ્યોને સભ્ય પદ ગુમાવવું પડયુ હતું વર્ષ ૨૦૧૯માં હમીરપુરથી ભાજપના ધારાસભ્ય રહેલ અશોકકુમાર સિંહ ચંદેલને હત્યાના મામલામાં ઉમ્રકેદની સજા થતા તેમને પદ ગુમાવવુ પડયુ હતું ઉન્નાવની બાંગરમઉ બેઠકના ભાજપના ધારાસભ્ય રહેલ કુલદીપ સેંગલને કોર્ટના નિર્ણય બાદ સભ્ય પદ ગુમાવવું પડયું હતું કોર્ટનો નિર્ણય આપ્યા બાદ પાંચ દિવસમાં ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ અધ્યક્ષે તેમનું સભ્ય પદ રદ કર્યું હતું. આવી જ રીતે નકલી માર્કશીટના મામલામાં ગોસાઇગંજ બેઠક પરના ભાજપના ધારાસભ્ય રહેલ ઈદ્ર પ્રતાપનું સભ્ય પદ ૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ રદ કરવામાં આવ્યું હતું.

એ યાદ રહે કે ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકાર આવ્યા બાદ આઝમ ખાનની વિરૂધ્ધ અનેક કેસો લગાવવામાં આવ્યા હતાં ૨૦૧૭ પહેલા તેમના પર ફકત એક કેસ નોંધાયો હતો જયારે ત્યારબાદથી ૧૦૦થી વધુ કેસ દાખલ કરવામાં આવ્યા હતાં તેઓ ૨૬ મહીના જેલમાં રહ્યાં હતાં.

આઝમ ખાને ૨૦૨૨ની ચુંટણીમાં રામપુર બેઠક પરથી જીત હાંસલ કરી હતી પરંતુ ૧૮મી વિધાનસભામાં એકવાર પણ ગૃહમાં ગયા ન હતાં અને ન તો ધારાસભ્ય નિધિના પૈસા ખર્ચ કર્યા હતાં આ રીતે આઝમ ખાનનું સભ્ય પદ રદ થઇ ગયું હતું.

## ઉત્તરાખંડઃ અંકિતા હત્યાકાંડનો મુખ્ય આરોપી પુલકિત સહિત ત્રણ પર ગેંગસ્ટર એકટ

દહેરાદુન,તા.ર

અંકિતા ભંડારી હત્યાકાંડ મામલામાં મુખ્ય આરોપી પુલકિત આર્ય અને તેના સાથીઓ પર ગેંગસ્ટર એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. કહેવાય છે કે પુલકિતની સાથે જ આરોપી સૌરભ અને અંકિતની સંપત્તિ જપ્ત કરવામાં આવશે.હવે એવામાં એ પણ સવાલ ઉઠી રહ્યો છે કે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ગેંગસ્ટરની કલમો લગાવ્યા બાદ આરોપીઓના સ્થળો પર બુલડોઝર પણ ચાલશે હવે અંકિતા હત્યાકાંડના આરોપીઓ પર પણ ગેંગસ્ટર લગાવવામાં આવ્યો છે. હવે આરોપીઓ પર ગેંગસ્ટર લગાવવામાં આવ્યો છે આવામાં વનંતરા રિજોર્ટ અને સ્વદેશી આર્યુવેદિક ફેકટરી પર શું બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવશે.આરોપ છે કે ગેંગ લીડર પુલકિત આર્ય અને તેના સાથી સૌરભ ભાસ્કર અને અંકિત ઉર્ફે પુલકિત ગુપ્તાએ રિજોર્ટ અને આસપાસ વિસ્તારમાં અસામાજિક કૃત્યોને પરિણામ આપ્યો છે. આ સાથે જ ગેરકાયદેસર રીતે નાણાં એકત્રિત કરી સમાજ વિરોધી કાર્ય કર્યા અને જઘન્ય અપરાધ કર્યા

આ સમયે અંકિતા હત્યાકાંડ મામલામાં એસઆઈટી ટીમ ડીઆઈજી રેણુકા દેવીના નેતૃત્વમાં તપાસ કરી રહી છે પોલીસ મહાનિર્દેશક અશોક કુમારના દિશા નિર્દેશમાં મામલાની મોનીટરિંગ કરવામાં આવી રહી છે.

એ યાદ રહે કે અંકિતા ભંડારી હત્યાકાંડમાં ડીઆઈજી પી રેણુકા દેવીના નેતૃત્વમાં બનેલ એસઆઈટી તપાસ કરી રહી છે તેમણે કહ્યું હતું કે વનંતરા રિજોર્ટમાં વીઆઈપી માટે અલગથી પ્રેસિડેંશિયલ સુઇટની વ્યવસ્થા હતી જેમાં રહેનારા વીઆઇપીને સ્પેશલ ટ્રીટમેંટ આપવામાં આવતી હતી જો કે તે વીઆઈપી કોણ હતું હજુ સુધી તેની પુષ્ટી થઇ શકી નથી

એ યાદ રહે કે પૌડી ગઢવાલ જીલ્લાના યમકેશ્વર સ્થિત ગંગા ભોગપુર ખાતે વનંતરા રિજોર્ટના માલિક પુલકિત આર્ય અને તેના અન્ય બે સાથીઓએ રિસેપ્શનિસ્ટ અંકિતા ભંડારીની ૧૮ સપ્ટેમ્બરની રાતે નહેરમાં ફેંકી હત્યા કરી દીધી હતી મામલો સામે આવ્યા બાદ રિજોર્ટ માલિકે જ રાજસ્વ વિસ્તારમાં અંકિતા ભંડારીની ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી ત્યારબાદ ૧૯ વર્ષની અંકિતાનું શબ ગત ૨૪ સપ્ટેમ્બર ઋષિકેશની નજીક ચિલ્લા નહેરથી કબજે કરવામાં આવ્યું હતું.

## બીજેપી નેતા તેજિન્દર સિંહ બગ્ગાએ તિહારની બહાર ‘કેજરીવાલ મસાજ સેન્ટર’ના પોસ્ટર લગાવ્યા

નવીદિલ્હી,તા.ર

ભાજપના લોકસભા સાંસદ પરવેશ વર્માએ તિહાર જેલમાં બંધ સુકેશ ચંદ્રશેખર દ્વારા દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને લખેલા પત્રને ટાંકીને સીએમ કેજરીવાલ પર જેલ પ્રશાસનની સાથે મળીને તિહાર જેલને મસાજ પાર્લરમાં ફેરવવાનો આરોપ લગાવ્યો હતો. જે બાદ હવે બીજેપી નેતા તેજિંદર સિંહ બગ્ગાએ તિહાર જેલની આસપાસ વિવાદાસ્પદ પોસ્ટર લગાવ્યા છે. આ પોસ્ટરમાં સીએમ અરવિંદ કેજરીવાલને મસાજ કરતા દેખાડવામાં આવ્યા છે, સાથે જ તેમના પર કેજરીવાલ મસાજ સેન્ટર લખેલું છે. આ પોસ્ટરો લગાવવાની જવાબદારી ખુદ બીજેપી નેતા તેજિંદર સિંહ બગ્ગાએ લીધી છે. આપ મંત્રી સતેન્દ્ર જૈનના તિહાર જેલમાં મસાજ કરાવવા અને વૈભવી જીવન જીવવા અંગેના ખુલાસા પર ભાજપે આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું છે.હકીકતમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં કહ્યું છે કે દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન જેલની અંદર એશનું જીવન જીવી રહ્યા છે. ઈડીએ કહ્યું છે કે મંત્રી જૈનની પત્ની ઘણીવાર તેમને મળવા આવે છે અને તેમને ઘરનું રાંધેલું ભોજન પણ આપે છે. ઈડીએ એફિડેવિટ સાથે કેટલાક ફોટોગ્રાફ્સ પણ આપ્યા છે. આ તસવીરોમાં મંત્રી મસાજ કરાવતા જોવા મળે છે.કોર્ટમાં દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં ઈડીએ કહ્યું છે કે તિહાર જેલમાં મંત્રી સત્યેન્દ્ર જૈનને માત્ર માથાની મસાજ જ નથી કરાવવામાં આવી રહી છે, પરંતુ તેમને સમયાંતરે ફુટ મસાજ અને બેક મસાજ જેવી સુવિધાઓ પણ આપવામાં આવી રહી છે. જણાવી દઈએ કે સત્યેન્દ્ર જૈન અંકુશ અને વૈભવ જૈન હાલમાં તિહાર જેલમાં બંધ છે.બીજી તરફ ભાજપના લોકસભા સાંસદ પરવેશ વર્માએ સીએમ કેજરીવાલ પર જેલ પ્રશાસનની મિલીભગતથી તિહાર જેલને મસાજ પાર્લરમાં ફેરવવાનો આરોપ લગાવતા કહ્યું છે કે દિલ્હીની જેલો કેજરીવાલ સરકાર હેઠળ આવે છે, એટલે કે દિલ્હીની જેલના માલિક છે કેજરીવાલ.

## મોરબી દુર્ઘટના

## સરદાર પટેલ જીવિત હોત તો મુખ્યમંત્રીના કાન પકડી તેમને ગાદી પરથી ઉતારી દીધા હોત : રાજદ નેતા


પટણા,તા.ર

ગુજરાતના મોરબીમાં બ્રિટીશકાળનો બ્રિજ તુટી પડવાથી અત્યાર સુધી ૧૪૨થી વધુ લોકોના મોત નિપજયાં છે.આ ઘટનાથી દેશભરમાં લોકોમાં દુખ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.રાજદ નેતા શિવાનંદ તિવારીએ ફેસબુક પોસ્ટ લખી ભાજપ પર પ્રહારો કર્યા છે.તેમણે લખ્યું છે કે જો સરદાર પટેલ આજે જીવિત હોત તો ગુજરાતના મુખ્યમંત્રીના કામ પકડી અત્યાર સુધી તેમને તેમની ગાદી પરથી ઉતારી દીધા હોત.મૃતકોના પરિવાર પ્રત્યે હું હાર્દિક સંવેદના વ્યકત કરૂ છું,ગુજરાતના મુખ્યમંત્રી પાસે માંગ કરૂ છું કે આ દુખદ ઘટના માટે તે પોતાના કાન પકડીને જનતાની માફી માંગે.રાજદ નેતાએ લખ્યું છે કે આ એક માનવીય ત્રાસદી છે આ વાતથી હું સહમત છું તેને રાજકીય એજન્ડા બનાવવો જોઈએ નહીં પરંતુ આવી ઘટનાઓ પર રાજનીતિ કરવાથી ભાજપ કયારેય દુર રહ્યું નથી ૨૦૧૬માં બંગાળ ચુંટણી અભિયાનના સમયે કોલતામાં પોસ્તા ફલાઈઓવરનો એક ભાગ તુટી પડયો હતો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદ નિર્મમતાની સાથે તે દુખદ ઘટનાને લઇ પ્રચાર કર્યો હતો જો કે ગુજરાતમાં હવે પુલ તુટી પડયો છે અને ૧૪૨ લોકોના મોત નિપજયાં છે ત્યારે વડાપ્રધાન,ભાજપ અને ભાજપની સરકાર આ ઘટનાની નિષ્પક્ષ તપાસ કરાવવાથી ભાગી રહી છે.

## સુજલામ સુફલામ યોજનાનો વિરોધ કરવાનો વડાપ્રધાન મોદીનો આરોપ બેબુનિયાદ જો સરદાર પટેલ : ગહલોત

જયપુર,તા.ર

સુજલામ સુફલામ યોજનાના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આરોપોને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે નકારી દીધા છે.તેમણે કહ્યું હતું કે રાજયમાં નહેર યોજનાનો વિરોધ કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આરોપ બેબુનિયાદ છે ગહલોતે કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ ૨૦૧૭માં પણ સુજલામ સુફલામ જળ કેનાલનો મુદ્દો ઉઠાવ્યો હતો તે સમયના મુખ્યમંત્રી વસુંધરા રાજે પણ ૨૦૦૫માં આજ પત્ર લખ્યો હતો મેં એજ દોહરાવ્યો તેમની પાસે જવાબ માંગવો જોઈએ



ગુજરાતમાં આગામી વિધાનસભા ચુંટણીની બાબતમાં બોલતા તેમણે સત્તા વિરોધી લહેર અને ભ્રષ્ટ્રાચાર મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાની ઉપેક્ષા કરવા માટે ભાજપ પર નિશાન સાધ્યું.ગહલોતે કહ્યું કે દેશમાં સરકાર વિરોધી લહેર છે અને ભાજપ ગભરાઈ ગઈ છે આજ કારણ છે કે ભાજપ એક સાથે આટલી બધી પરિયોજનાઓનો શિલાન્યાસ કરી રહી છે.ભ્રષ્ટ્રાચાર મોંઘવારી બેરોજગારી માર્ગ અને કાયદો વ્યવસ્થા જેવા અનેક મુદ્દા છે જેના પર ધ્યાન આપવાની જરૂરત છે.

રાજસ્થાનના મુખ્યમંત્રીએ ગુજરાતના મોરબીમાં પુલ તુટી પડવાની ઘટનામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે દુખ વ્યકત કર્યું હતું અને મામલાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી અને જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી તેમણે કહ્યું કે કોંગ્રેસે પોતાના તમામ કાર્યક્રમો સ્થગિત કરી દીધા છે પરંતુ મને એ જોઈને દુખ થાય છે કે ભાજપે પોતાના તમામ કાર્યક્રમ આયોજીત કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# મચ્છુના મૃતકો આંકડો નહિ, મા-બાપ, ભાઈ-બહેન કે મિત્રો હતા



*મચ્છુ નદીના બે છેડાને જોડતો સેતુ તૂટયો અને એ સાથે ફરી એકવાર વિશ્વાસ પણ તૂટયો . ઘરની બહાર નીકળીએ ત્યારથી દરેક પગલું વિશ્વાસ થકી મંડાતું હોય છે. એક વિશ્વાસ ઉપરવાળા પરનો હોય છે અને બીજો વણકહ્યો વિશ્વાસ સરકાર પર હોય છે . સ્થાનિક વહીવટી તંત્રથી માંડીને રાષ્ટ્રીય સત્તા પક્ષ પર એક આમ આદમીને વિશ્વાસ હોય છે . એ બસમાં બેસે કે યાત્રધામની ભીડમાં જાય ત્યારે પોતાની સલામતી માટે જાજુ વિચારતા નથી,એ એમની ઓછી બુદ્ધિ નહિ પરંતુ અતૂટ વિશ્વાસનું પરિણામ છે. આપણે વધુ વ્યક્તિના સમૂહને 'પબ્લિક' કહીને સંબોધીએ છીએ. આપણે જયારે પબ્લિકને અનુલક્ષીને કોઈ પણ સ્ટેટમેન્ટ આપીએ છીએ ત્યારે તેમાં થોડી મશ્કરી,થોડી ઘૃણા અને થોડી ગુરુતાગ્રંથીને ઉમેરીએ છીએ. ભીડભાડવાળી જગ્યાથી સાવધ રહેતા અને દુરી રાખતા તમામ લોકોને ધાર્મિકસ્થાન કે જોવાલાયક સ્થળો પર જતા દરેક પરિવાર મૂરખ લાગે છે . સ્થળ કે જે તે ભૌતિક સુવિધાની સાઈઝના પ્રમાણમાં વધુ લોકો ભેગા થઈ જાય ત્યારે ત્યાં ખોરાક-પાણી ની તંગીથી માંડીને સ્ટેમ્પઈડ જેવી હોનારતની શક્યતા વધી જાય છે . મોરબીના ઝુલતા પુલ પર એ સમયે પસાર થતા,ઉભા રહેલા અને પછી કાયમ માટે બ્રહ્માંડમાં ગરકાવ થઈ ગયેલા લોકોને પણ 'નાસમજ પબ્લિક' કહીને અવગણીશું ?*

*એક નોકરિયાત વ્યક્તિના પરિવારમાં સંતાનો અને બાકીના દરેક સભ્યો માટે વર્ષમાં આવતા બે મોટા વેકેશન જાહોજલાલીના હોય છે. એક સામાન્ય વ્યક્તિ માટે ધાર્મિકસ્થળો, નામાંકિત જોવાલાયક સ્થળ અને જાહેર જગ્યાઓ ફરવા જવા માટેના અંતિમ લક્ષ્ય હોય છે . ભારતમાં એક સાધારણ પરિવાર માટે સાંકડી જગયા એમના સાંકડા ખિસ્સાને પરવડે તેવી હોય છે. પરંપરાગત ધાર્મિક નિયમોમાં કોઈ પાર પ્રકારના પરિવર્તન વગર મૂંગા મોઢે અનુસરતા હજારો લોકો માટે અમુક ખાસ તિથિ અને સ્થળ એમની આસ્થા અને આત્મવિશ્વાસ નું સરનામું હોય છે. વિશાળ રિસોર્ટ,તમામ સુવિધા સાથેનો પ્રવાસ અને ખાસ કરીને 'હાઈ ફાઈ ' ડેસ્ટિનેશન બહુમતી લોકોના ગજા બહાર હોય છે . જે પ્રમાણમાં સસ્તું છે,સહજ સાધ્ય છે,મનોરંજન આપે છે એ દરેક જગ્યા એ વધુ લોકો આકર્ષાય એ સાહજિક છે . એક નાના શહેરમાં સામાન્ય જીદંગી જીવતા પરિવારમાં જયારે સગા - સ્નેહીઓ રહેવા આવે ત્યારે એ શહેરની બે ચાર જાણીતી જગ્યાએ પરિવાર સાથે જવું આનંદની ઉજાણી છે , અચરજ સાથેનો નવો અનુભવ કરાવતી કોઈ પણ જગ્યા બાળકો માટે નવી દુનિયાના દરવાજા ખોલતી હોય છે , આથી ઝૂલતા પુલ પર બાળકો અને પરિવાર સાથે જનારા એ દરેક જણને મૂરખ કહીને નિંદા કરવાનો કોઈ અધિકાર નથી. ચારસોમાંથી થી ત્રણ જણા દોરડા ખેંચ્યા હોય અને જો પુલ તૂટી જતો હોય તો ત્રણસો સત્તાણુ એટલેકે બહુમતી લોકો એ સરકાર પર મુકેલા વિશ્વાસનું શું ? આશા રાખીએ કે મૃતકો માટેની વેદના માત્ર તેના પરિવાર અને સ્વજનોના હૃદયમાં નહિ,પરંતુ આપણા સૌના મનમાં યાદ રહે.*

# સપ્ટેમ્બરમાં વોટ્સઅપે ભારતમાં ૨૬.૮૫ લાખ એકાઉન્ટ બંધ કર્યા

નવીદિલ્હી,તા.૨

સોશિયલ નેટરવર્કિંગ કંપની વોટ્સઅપ સતત ફેક એકાઉન્ટને લઈન કાર્યવાહી કરતી આવી છે. ત્યારે હવે વોટ્સઅપે વધુ એક વખત મોટી કાર્યવાહી કરી છે.

હાલમાં જ વોટ્સઅપે સપ્ટેમ્બર મહિનામાં ભારતમાં બ્લોક કરાયેલા વોટ્સઅપ એકાઉન્ટનો આંકડો જારી કર્યો છે

એકાઉન્ટને લઈને સતત કાર્યવાહી કરાઈ રહી છે ત્યારે હવે વોટ્સઅપે સપ્ટેમ્બર મહિનાના આંકડા જારી કર્યા છે. આ આંકડા અનુસાર, વોટ્સઅપે ભારતમાં સપ્ટેમ્બર મહિનામાં ૨૬.૮૫ લાખ ફેક એકાઉન્ટ બ્લોક કર્યા છે.

નૂતન વર્ષસ્ય પ્રથમ દિવસે!!!
નવું વરસ,
ખુશી,
ઉલ્લાસ,
ઉમંગ,
પ્રફૂલ્લતા લાવે
એવું હંમેશા બનવું જોઇએ.
અલબત,
એવું બનતું નથી.
અધૂરામાં પુરુ,
પાશેરામાં
પહેલી પુણી જેવું થાય છે
અવસર પણ આફતમાં પલટાય છે.
નવા વરસના સપરમા દિવસે,
લોકો જુના માટલા ફોડે છે,
તેમઅમારું નસીબ પણ ફૂલ્લી ફૂટેલું હશે!
બીજું શું??
કાંઇ નહીં!!
ભોંમાંથી ભાલા વાગે તેવું થયું!!
પાણીની નીચેની ટાંકીના બોલકોકને આજે જ,
મરણ ચોઘડિયું કે મુહૂર્ત આવ્યું હશે!!
એની ઠાઠડી નીકળવાની હશે.
બોલ કોકના નિધનને લીધે,
ટાંકી ઉભરાઇ.
ફળિયામાં ,
સાત દરિયા ઉભરાયા.
ભરત વૈષ્ણવ
૨.૧૧.૨૦૨૨.

# એક બંદર થિયેટર કે અંદર !!!

મોરબીનો ઝૂલતો પુલ તૂટવા માટે મોરબી નરેશ કે જેણે ઝૂલતો પુલ બનાવ્યો એ દુર્ઘટના માટે જવાબદાર છે!! જો તેમણે ઝૂલતો પુલ બનાવ્યો ન હોત તો પુલને રીનોવેટ કરવાની જરૂરિયાત જ ઉપસ્થિત થઇ ન હોત!!!

ચોરે ને ચૌટે એક જ બાબતની ચર્ચા છે. કોણ જવાબદાર છે? નાની માછલી પકડાઈ જશે અને મગરમચ્છ છૂટી જશે? વગેરે વગેર. જેટલા મોઢા તેટલી વાત. જાહેર રજાના દિવસોમાં પર્યટનસ્થળોએ કેપેસિટી કરતા વધારે માણસો એકત્ર થાય છે, પર્યટન સ્થળનું સંચાલન ખાનગી હાથોમાં હોય તો વધુ કમાઇ લેવાની લાલચમાં ઠુંસી ઠુંસીને માણસોને ભરવામાં આવે છે. પછી બસ હોય, હોડી હોય, રેલવે હોય, મંદિર હોય. આપણા પર રામરહીમના રખોપા છે. આપણને કંઇ ન થાય તેવો ફાંકો હોય. રામ રાખે એને કોણ ચાખે?? યમરાજ ચાખે ત્યારે ખબર પડે કે રામે રાખ્યા નથી. ક્રાઉડ મેનેજમેન્ટ સ્કિલનો અભાવ છે. તમે નાથુલા બોર્ડોની મુલાકાત લીધી હોય તો શિસ્ત અને ટ્રાફિક મેનેજમેન્ટ શું કહેવાય તેનું પ્રત્યક્ષ દર્શન થાય. હિમાચલ પ્રદેશના રોહતાંગ પાસની મુલાકાતે જાવ તો અમુક સંખ્યામાં વાહનને જવા દે અને ત્યાં ગયેલા વાહનો પરત ફરે પછી જ બીજા વાહનોને જવાની પરવાનગી આપવામાં આવે. આમ કરવાથી ભીડ અને કેઓસ નિવારી શકાય!!!

ઝૂલતા પુલનું રીનોવેશન કામ ઢંગધડા વગરનું થાય. એક્રરિંગ પીન કે કેબલ બદલવામાં ન આવે, લોટ, પાણીને લાકડા જેવું કામ થાય પછી દુર્ઘટનાને આગમન માટે નિમંત્રણ પાઠવવું ન પડે, તે સ્વયંભૂ સુઓમોટો સહર્ષ આવી જાય. ઝૂલતો પૂલ ઝૂલવા માટે હોય, સૂના માટે ન હોય. ઝૂલતા પુલનો જૂનો વિડીયો વાઈરલ કરી કમભાગી ઘટના માટે મૃતક જવાબદાર હતા તેવી હીન કક્ષાની પ્રચાર પ્રવૃતિ એ તોફાન આવે ત્યારે શાહમૃગની જેમ રેતીમાં માથું છુપાવવા જેવો પલાયનવાદ કહેવાય!!

આ દુર્ઘટના માટે લોકો, મિડીયા કોણ જવાબદાર તેની યાદી સતત અપડેટ કરતા રહે છે. નગરપાલિકા, કોન્ટ્રેકટર, કર્મચારી , ટિકિટ વેચનાર, સિકયોરિટી કાર્ડઝ, મૃતકો વગેરેને જવાબદાર ઠેરવવા પ્રપંચી ખેલ ચાલી રહ્યો છે. જેમના આયુષ્યની દોરી સમાપ્ત થઇ તેવા હતભાગી મૃતકો નિશંકપણે જવાબદાર છે.!!!

મોરબીના રાજાએ મહેલથી રાજદરબાર જવા માટે નિજી ઉપયોગ માટે ૧૮૭૯માં લાકડા અને કેબલના આધારે બસો તેત્રીસ મીટર લાંબો અને ૪. ૬ ફૂટ પહોળો ઝૂલતો પુલ ૩.૫ લાખ રૂપિયાના ખર્ચે બનાવ્યો હતો. જેનું કામ ૧૮૮૯મા પૂરું થયેલ હતો. પુલનો સામાન બ્રિટનથી આવ્યો હતો!!આ ઝૂલતો પુલ એ મોરબી અને પૂરા દેશ માટે ગૌરવનું પ્રતિક બની ગયેલ હતો!! અમદાવાદના ઝૂલતા મિનારા છે!!

ઝૂલતા મિનારાને ઈજનેરી કૌશલ્યનું ઝળહળતું ઉદાહરણ ગણવામાં આવે છે. કેટલીય પેઢીને ઝૂલતા પુલે ઝુલાવી છે!! ગુજરાતમાં વડોદરા સંસ્કાર નગરી, નડીયાદ સાક્ષર નગરી, ભાવનગર કલા નગરી તરીકે સુપ્રસિદ્ધ છે તેમ મોરબી ટાઇલ્સ અને ઘડિયાળોની પણ નગરી તરીકે જાણીતું છે!!!

ગુજરાતના લોકો મોરબીના પુલના ઝૂલે ઝૂલી રહ્યા છે. વિક્રમ સવંત ૨૦૭૯ના એટલે કે નવા વરસના દિવસે મનને ક્ષુબ્ધ કરનારી કરૂણતમ ઘટના બની છે. પલક ઝપકતાં જ બસોથી વધારે મહામૂલી માનવ જીંદગીઓ મોતના ખપ્પરમાં હોમાઈ ગઇ છે. ૧૯૭૯ બાદ મોરબી ફરી એકવાર હિબકે ચડ્યું છે. કોણ કોની પીઠ પસવારે અને કોણ કોના ખભે માથું ઢાળી વિલાપ કરે તે નક્કી થઇ શકતું નથી. આ આફત એકટ ઓફ ગોડ કે એકટ ઓફ ફ્રોડ છે તેના પિષ્ટિપેષણમાં ન જઈએ.

હકીકતમાં તપાસ કર્યા કે કરાવ્યા વિના ઝૂલતો પુલ તૂટી પડવા માટે કોણ જવાબદાર છે તે ડંકે કી ચોટ પર જાહેર કરી શકાય તેમ કહેલું અસ્થાને નથી. આ પુલ તુટવા માટે નગરપાલિકા, ઓરેવા કંપની, જિન્દાલ ગ્રુપ, સરકાર જવાબદાર નથી.એ બધાને વિના વિલંબે કલિનચીટ આપી દો કેમ કે, મોરબી નરેશ કે જેણે ઝૂલતો પુલ બનાવ્યો એ દુર્ઘટના માટે જવાબદાર છે!! જો તેમણે ઝૂલતો પુલ બનાવ્યો ન હોત તો પુલને રીનોવેટ કરવાની જરૂરિયાત જ ઉપસ્થિત થઇ ન હોત!!!

ભરત વૈષ્ણવ
૨.૧૧.૨૦૨૨.

આ એક હાસ્યલેખ છે. હાસ્ય નિષ્પનન કરવાનો ઈરાદો છે. બંધબેસતી પાઘડી ન પહેરવા કૃપયા વિનંતી છે!!)

# યુનિફોર્મ સિવિલ કોડ કમિટીની રચના પોતાના ખોટા નિર્ણયો અને નિષ્ફળતાઓને છૂપાવવા માટે કર્યું છે : ઓવૈસી

હૈદરાબાદ,તા.૨

એઆઇએમઆઇએમના ચીફ અસદુદ્દીન ઓવૈસીએ ગુજરાત ચૂંટણી પહેલા યુનિફોર્મ સિવિલ કોડ કમિટી બનાવવાના મુદ્દાને લઈને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભાજપે ગુજરાત ચૂંટણી પહેલા યુનિફોર્મ સિવિલ કોડ કમિટીની રચના પોતાના ખોટા નિર્ણયો અને નિષ્ફળતાઓને છૂપાવવા માટે કર્યું છે.

બીજી બાજુ ગુજરાતમાં થનારી ચૂંટણી પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ નાગરિકતાને લઈને મોટો નિર્ણય કર્યો છે. ગુજરાતના બે જિલ્લાઓ આણંદ અને મહેસાણામાં રહેતા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના અલ્પસંખ્યકોને નાગરિકતા આપવામાં આવશે. ગૃહ મંત્રાલયના નોટિફિકેશનમાં એમ પણ કહેવાયું છે કે ગુજરાતના આ બે જિલ્લાઓમાં રહેતા આ લોકોએ પોતાની અરજી ઓનલાઈન જમા કરાવવાની રહેશે. જેનું ચકાસણી જિલ્લા સ્તર પર કલેક્ટર દ્વારા કરવામાં આવશે. આ અંગે પણ ઓવૈસીએ નિવેદન આપતા આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે આમ પહેલેથી થઈ રહ્યું છે કે તમે પહેલા લાંબા ગાળાના વિઝા આપો અને પછી તેમને (અફઘાનિસ્તાનના અલ્પસંખ્યક સમુદાય) નાગરિકતા મળી જાય. તમારે (સરકાર) આ કાયદાને ધર્મ તટસ્થ બનાવવો જોઈએ. સીએએને એનપીઆર અને એનઆરસી સાથે જોડવો જોઈએ. સુપ્રીમ કોર્ટ તેના પર સુનાવણી કરી રહી છે. જોઈએ શું થાય છે. અસદુદ્દીન ઓવૈસીએ મોરબી દુર્ઘટના ઉપર પણ નિવેદન આપતા કહ્યું કે આ એક દર્દનાક ઘટના છે અમે આશા કરીએ છીએ કે પીએમ મોદી અને ગુજરાતની સરકાર મૃતકોના પરિજનોને ન્યાય અપાવશે જેથી કરીને પીડિતોના પરિજનોને ખાતરી થાય કે તેમને ન્યાય મળી રહ્યો છે. સરકારે જણાવવું જોઈએ કે આ લોકોના મોત કેવી રીતે થયા. અત્રે જણાવવાનું કે આ અગાઉ પણ ઓવૈસીએ શનિવારે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભાજપ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મત મેળવવા માટે અને પોતાના હિન્દુત્વના એજન્ડાને આગળ વધારવા માટે સમાન નાગરિક સંહિતાનો મુદ્દો ઉઠાવી રહ્યો છે.

ગુજરાત સરકારે કહ્યું હતું કે તેઓ સમાન નાગરિક સંહિતા લાગૂ કરવા માટે એક સમિતિ બનાવી રહ્યા છે. રાજય મંત્રીમંડળની શનિવારે બેઠક થઈ તે દરમિયાન સમિતિની રચનાને મંજૂરી આપવામાં આવી.

બનાસકાંઠાના વડગામમાં



ઓવૈસીએ કહ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે યુસીસીને લાગૂ કરવાનો કેન્દ્રનો અધિકાર છે, રાજ્યોનો નહીં. તેમણે કહ્યું હતું કે શું એ સાચું નથી કે બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે સમાન નાગરિક સંહિતા સ્વૈચ્છિક હોવી જોઈએ અનિવાર્ય નહીં.

# ઘણા રાજ્યોમાં હિન્દુઓને લઘુમતી જાહેર કરવાની માગ, કેન્દ્ર સરકારે સુપ્રીમ પાસે સમય માગ્યો

### મિઝોરમમાં હિન્દુ સમાજના સૌથી ઓછા લોકો રહે છે. ત્યાં, વસ્તીના માત્ર ૨.૭૫% હિંદુ છે.

નવીદિલ્હી,તા.૨

જમ્મુ-કાશ્મીર, પંજાબ સહિત નવ રાજ્યોમાં હિન્દુઓને લઘુમતીનો દરજ્જો આપવાના મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. કેન્દ્ર સરકારે કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને રાજ્યો સાથે ચર્ચા કરવા માટે સમય માંગ્યો છે. કેન્દ્રનું કહેવું છે કે આ મામલો ખૂબ જ સંવેદનશીલ છે અને તેની દૂરગામી અસરો પડશે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૪ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમના મંતવ્યો કેન્દ્રને મોકલ્યા છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે, "કેટલીક રાજ્ય સરકારોએ પંજાબ, મિઝોરમ, મેઘાલય, મણિપુર, ઓડિશા, ઉત્તરાખંડ, નાગાલેન્ડ, હિમાચલ પ્રદેશ, ગુજરાત, આ મામલે તમામ હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કરવા માટે વધારાના સમયની વિનંતી કરી છે.

ગોવા, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, લદ્દાખ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ અને ચંદીગઢે આ મામલે પોતાના વિચારો રજૂ કર્યા છે.

કેન્દ્ર સરકારે એફિડેવિટમાં કહ્યું છે કે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવી છે. ગૃહ મંત્રાલય, કાનૂની બાબતોના વિભાગ- કાયદા અને ન્યાય મંત્રાલય, ઉચ્ચ શિક્ષણ વિભાગ- શિક્ષણ મંત્રાલય, લઘુમતી માટે રાષ્ટ્રીય આયોગ અને લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ માટેના રાષ્ટ્રીય આયોગના પ્રતિનિધિઓએ પણ બેઠકોમાં ભાગ લીધો હતો. આ વર્ષે જૂનમાં, દેવકીનંદન ઠાકુરના વતી જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં રાષ્ટ્રીય લઘુમતી અધિનિયમ, ૧૯૯૨ અને શૈક્ષણિક સંસ્થાન અધિનિયમ, ૨૦૦૪ની જોગવાઈઓને પડકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી રહી છે.

અરજદારે પોતાની અરજીમાં કહ્યું છે કે જમ્મુ-કાશ્મીર, મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, લક્ષદ્વીપ, મણિપુર અને પંજાબમાં હિંદુઓ લઘુમતી છે પરંતુ કેન્દ્ર સરકારે અત્યાર સુધી માત્ર મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, શીખ, બૌદ્ધ અને જૈનોને જ મંજૂરી આપી છે. દેશમાં લઘુમતીનો દરજ્જો આપવામાં આવ્યો છે. જુલાઈમાં કેસની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે કોઈપણ સમુદાયની ધાર્મિક અને ભાષાકીય લઘુમતી સ્થિતિ રાજ્યની વસ્તીના આધારે રાજયવાર નક્કી કરવી જોઈએ. જો મિઝોરમ અને નાગાલેન્ડમાં બહુમતી ખ્રિસ્તીઓને લઘુમતીનો દરજ્જો આપવામાં આવે અથવા પંજાબમાં શીખોને લઘુમતી સમુદાય તરીકે ગણવામાં આવે તો તે ન્યાયની કપટી હશે.

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં હિન્દુ સમાજના લોકોની સંખ્યા કેટલી હતી. ૧૦ વર્ષ પહેલા કરવામાં આવેલી વસ્તી ગણતરીમાં બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ, દેશમાં ૭૯.૮૦% હિંદુ હતા, જયારે ૧૪.૨૩% મુસ્લિમો ઉપરાંત ૨.૩૦% ખ્રિસ્તીઓ હતા. આ પછી શીખ ધર્મના અનુયાયીઓ આવે છે, જેમની વસ્તી ૧.૭૨% છે.તેમજ જો આપણે ૧૯૫૧ ની વસ્તી ગણતરી પર નજર કરીએ તો, હિન્દુઓની વસ્તી ૮૪.૧% હતી જયારે મુસ્લિમ સમાજના લોકોની સંખ્યા ૯.૮% હતી. તો ખ્રિસ્તીઓની સંખ્યા ૨.૩૦% અને શીખ સમાજના લોકોની સંખ્યા ૧.૭૯% હતી. ૧૯૫૧માં હિંદુઓની વસ્તી ૮૪.૧% હતી, જે ૨૦૧૧માં ઘટીને ૭૯.૮% થઈ ગઈ, જ્યારે મુસ્લિમ લોકોની સંખ્યા ૧૯૫૧ (૯.૮%)ની સરખામણીમાં ૨૦૧૧માં વધીને ૧૪.૨૩% થઈ. બૌદ્ધ અને જૈન ધર્મમાં માનનારા લોકોની વસ્તી દેશના એક ટકાથી પણ ઓછી છે. અને તેમની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થયો ન હતો.

પૂર્વોત્તર ભારતના ૫ રાજ્યો મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મણિપુર છે. મિઝોરમમાં હિન્દુ સમાજના સૌથી ઓછા લોકો રહે છે. ત્યાં, વસ્તીના માત્ર ૨.૭૫% હિંદુ છે. જ્યારે નાગાલેન્ડમાં ૮.૭૫%. મેઘાલયમાં ૧૧.૫૩%, અરુણાચલ પ્રદેશમાં ૨૯.૦૪% અને મણિપુરમાં ૪૧.૩૯% વસ્તી છે. મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ખ્રિસ્તી સમાજના લોકો પુષ્કળ પ્રમાણમાં છે. જ્યારે મણિપુરમાં હિન્દુઓની વસ્તી ઓછી છે, પરંતુ ત્યાં ૪૧.૩૯% લોકો હિન્દુ ધર્મમાં અને ૪૧.૨૯% લોકો ખ્રિસ્તી ધર્મમાં માને છે.

# ઈડીએ ઝારખંડના મુખ્યમંત્રી સોરેનને માઈનિંગ કેસમાં સમન્સ મોકલ્યું

નવીદિલ્હી,તા.૨

ગેરકાયદેસર માઈનિંગના કેસમાં કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને સમન્સ આપ્યા છે. ઈઙ્ઘએ સીએમ સોરેનને ગુરુવારે સવારે ૧૧.૩૦ વાગ્યે હાજર થવા માટે કહ્યું છે. આ સાથે, ઈડીએ રાજ્યના ડીજીપીને હેમંત સોરેનની પૂછપરછ દરમિયાન વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવા પણ કહ્યું છે. સીએમ સોરેનને તેમના ખાસ પ્રતિનિધિ પંકજ મિશ્રાની ગેરકાયદેસર માઈનિંગમાં સંડોવણી અને ૪૨ કરોડથી વધુની સંપત્તિ મેળવવાના સંબંધમાં પૂછપરછ કરવામાં આવી રહી છે.ઈડી સીએમ સોરેન પાસેથી મની લોન્ડરિંગના આરોપમાં ફસાયેલી આઈએએસ પૂજા સિંઘલની નિમણૂક ઉપરાંત, મુખ્યમંત્રીની સુરક્ષા માટે તહેનાત જવાનોને ફાળવવામાં આવેલી બે એકે-૪૭ અને ૬૦ ગોળીઓની પ્રાપ્તિના સંબંધમાં અન્ય આરોપી પ્રેમ પ્રકાશના ઘરેથી પણ પૂછપરછ કરવામાં આવશે. જણાવી દઈએ કે પંકજ મિશ્રાએ રિમ્સમાં રોકાણ દરમિયાન અધિકારીઓ સાથે ફોન પર વાત કરી હતી. જેમાં મુખ્યમંત્રીનું નામ લઈને અધિકારીઓને ડરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કેસ પહેલેથી જ ઈડી પાસે છે અને તેના માટે મજબૂત પુરાવા છે. આ મામલામાં ઈઙ્ઘએ પહેલાથી જ ડ્રાઈવર અને તેના એક નજીકના વ્યક્તિને પકડી લીધો છે જેણે પંકજ મિશ્રાને અધિકારીઓ સાથે ફોન પર વાત કરી હતી અને તેને જેલમાં મોકલી દીધો હતો.ઈડી અનુસાર, પંકજ મિશ્રાએ અનેક ગેરરીતિઓમાં મુખ્યમંત્રીના વિશેષ પ્રતિનિધિ હોવાના પ્રભાવનો ઉપયોગ કર્યો હતો. સરકારી કામમાં દખલ કરવાની સાથે અધિકારીઓને કાર્યવાહી કરતા પણ રોક્યા હતા. સાહિબગંજમાં દરોડા દરમિયાન ઈડીએ પંકજ મિશ્રાના ઘરેથી એક પરબિડીયું મળી આવ્યું હતું. આ પરબિડીયામાં સીએમ સોરેનના બેંક ખાતાની પાસબુક, ચેકબુક વગેરે રાખવામાં આવી હતી.જણાવી દઈએ કે ગેરકાયદે માઈનિંગના આ હાઈપ્રોફાઈલ કેસમાં પહેલાથી જ ધરપકડ કરાયેલા સીએ સુમન કુમારે ઘણા મહત્વના ખુલાસા કર્યા છે. તેણે પૂજા સિંઘલ મારફત પૂછપરછ દરમિયાન રિકવર કરાયેલી રૂ. ૧૭.૪૯ કરોડની મોટાભાગની રકમ મેળવવાની કબૂલાત કરી હતી. હવે ઈડી આ મામલે સીએમ સોરેનની પણ પૂછપરછ કરશે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ટૂંક સમયમાં ઈડી આ મામલે કેટલાક ઉચ્ચ અધિકારીઓને નોટિસ પણ જારી કરી શકે છે અને તેમને પૂછપરછ માટે બોલાવી શકે છે.

# સંજય રાઉતને ફરી એક ઝટકો, ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ સુધી લંબાવાઇ

મુંબઇ,તા.૨

મની લોન્ડરિંગ કેસમાં જેલમાં રહેલા શિવસેના સાંસદ સંજય રાઉતની જામીન અરજી પર કોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે. કોર્ટ હવે ૯ નવેમ્બરે પોતાનો ચુકાદો આપશે. આ કેસની સુનાવણી પીએમએલએ કોર્ટમાં ચાલી રહી છે. આ સાથે સંજય રાઉતની ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ સુધી લંબાવી દેવામાં આવી છે.

શિવસેનાના નેતા અને સાંસદ સંજય રાઉતને બુધવાર, ૦૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ પણ રાહત મળી નથી. તે મુંબઈના પાત્રા ચાલ કૌભાંડ કેસમાં જેલમાં છે. મુંબઈની પીએમએલએ કોર્ટે તેની ન્યાયિક કસ્ટડી ૧૪ દિવસ માટે વધારી દીધી છે. જો કે કોર્ટે તેની જામીન અરજી પર ચુકાદો અનામત રાખ્યો છે અને ૯ નવેમ્બરે ચુકાદો સંભળાવવામાં આવશે. સંજય રાઉત આજે કોર્ટમાં પહોંચ્યા હતા જ્યાં તેમની જામીન અરજી પર ઈઙ્ઘની ઊલટતપાસ પૂર્ણ થશે. આ પછી કોર્ટ પોતાનો આદેશ આપી શકે છે.


આપને જણાવી દઈએ કે ૨૧ ઓક્ટોબરે કોર્ટે તેમની જામીન અરજી પર સુનાવણી ટાળી દીધી હતી. તે સમયે પણ સંજય રાઉતની જ્યુડિશિયલ કસ્ટડી લંબાવવામાં આવી હતી. આ કેસમાં ઈડીએ પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં સંજય રાઉતને આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. કોર્ટે પૂરક ચાર્જશીટની નોંધ લીધી હતી. જેમાં રાઉતનું નામ મની લોન્ડરિંગના એક કેસમાં આરોપી તરીકે લેવામાં આવ્યું છે. રાઉતે જામીન માટે સ્પેશિયલ કોર્ટ ફોર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કેસમાં અરજી કરી હતી.


ફરિયાદની ફરિયાદને ધ્યાનમાં લેતા, વિશેષ ન્યાયાધીશ એમજી દેશપાંડેએ શિવસેના સાંસદના સહયોગી પ્રવીણ રાઉત સહિત કેસના તમામ આરોપીઓને સમન્સ જાહેર કર્યા હતા. તેમના વકીલે કહ્યું હતું કે તે ચાર્જશીટનો અભ્યાસ કરવા માંગે છે અને તેની અરજીમાં વધારાના કારણો ઉમેરવાનો નિર્ણય કરવા માંગે છે. રાઉતને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૧ ઓગસ્ટના રોજ મુંબઈના ગોરેગાંવ વિસ્તારમાં પાત્રા ચાલના પુનર્વિકાસમાં નાણાકીય અનિયમિતતાના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. હવે રાઉતના રિમાન્ડ અને જામીન બંને એક સાથે મર્જ કરવામાં આવ્યા છે.


ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ









**NOG SS No:-109**

શિર્ષક :-આક્રમણ કર્યું છે./બાબુ સંગાડા"મહેક"

પ્રકાર :-પધ

ફરફરે કૂંપળો અહીં કલિઓએ આક્રમણ કર્યું છે,
ખરી ગયા પાંદડા અહીં ફુંલોએ આક્રમણ કર્યું છે.
બધી ઈચ્છાઓ મોભ ચડી નેવાળે ઉતરી પડે છે,
ગમ ખાઈને જરા અહીં સમયે આક્રમણ કર્યું છે.
મુજાઈ રહ્યા તરબતર હદયકૂંડ ઉછળતા મોજા,
ન ચોમાસું સાવણ અહીં મૌસમે આક્રમણ કર્યું છે.
પૂનમ ઝળકી ઊઠી પૂરવમાં અંજવાસ વાવી બધે,
ખરડાતા પહાડે અહીં અંધકારનું કામણ કર્યું છે.
ફોરમ થઈ શબ્દો સ્પર્શતા રહ્યા અગણિત છોડવે
ભીંતર ધમાલ કરી અહીં પાનખરે આક્રમણ કર્યુ છે.
ખંખેરાઈ ગયો વૈશાખી ઝાડ જેમ આખો "મહેક",
સમોહન છોડી અહીં વસંતે આક્રમણ કર્યું છે.

---

**NOG SS No : 120**

શબ્દ : પાનખરમાં ખરતા પાંદડા

પ્રકાર : પદ્ય (અછાંદસ)

શીર્ષક : ચિંતા છોડો

શબ્દો : ૮૨

'ચિંતા છોડો'

જીવનમાં ચડતી પડતી આવ્યા કરે ચિંતા છોડો,
તડકો - છાંયડો તો થયા કરે એટલે ચિંતા છોડો.
મારા બાળપણમાં વસંત ખીલી પુરબહારમાં,
અધવચ્ચે ભરબપોરે પાનખર દેખાઈ ચિંતા છોડો.
જેટલું જીવાય એટલું મોજથી સૌ જીવી લેજો,
એક દિવસ અનંતની વાટે જવું પડશે ચિંતા છોડો.
દરેકના જીવનમાં સુખદુઃખની સાહ્યબી રહેવાની,
તમે કુદરતની ઉપર ભરોંસો રાખીને ચિંતા છોડો.
જે ક્ષેત્રમાં હોય ત્યાં પુરી નિષ્ઠાથી બજાવો ફરજ,
બરકત મળશે જરુર એવા વિશ્વાસે ચિંતા છોડો.
'રમા' કહે સૌનાં જીવનમાં આવતી રહેશે પાનખર,
એક દિવસ વસંતના વધામણાં થાશે ચિંતા છોડો.

રમીલાબેન ડી મકવાણા 'રમા'
મુ.લાડુલા તા. ભાભર
જિ. બનાસકાંઠા

---

***NOG SS NO:004***

વિષયઃ પાનખરે ખરતા પાંદડાં, ફૂલો

પ્રકાર :ગદ્ય

શબ્દો:૩૫૦

શીર્ષક:અનોખી વસંત

રાધિકા તો છેલ્લા છ મહિનાથી આમ જ પથારીમાં પડી પડી મૃત્યુંને જાણે કરગરી રહી હતી. તેને હવે જીવવાનો મોહ જ નહોતો રહ્યો પણ તેને આવી નિરાશામાં ગર્ત જોઈ સોનિકા ખૂબ જ નિરાશ રહેવા લાગી. બન્ને જોડિયા બહેનો હતી. એક ઘરમાં ઉછરી હતી સમાન લાડ પ્યાર પામી હતી. છતાં એક સ્વભાવે બિંન્દાસ ને બીજી ગાંભીર્ય ધારણ કરી જીવતી.

તેની માતા વિશ્વંભરી ત્યક્તા સ્રી હતી. તેને તેનો પતિ અચાનક જ રેલ્વે સ્ટેશન પર છોડી છૂ થઈ ગયો હતો. તેના જીવનમાં પાનખર જાણે વાવાઝોડું લઈને આવી હતી. સ્ટેશન પર ચોવીસ કલાક રાહ જોવા છતાં તે ન આવ્યો ત્યારે તે આઠ મહિનાનું પેટ લઈ ક્યાં જશે તે કલ્પના માત્રથી ધ્રુજી ઉઠી હતી. જેનું કોઈ ન હોય તેનો ભગવાન હોય જ છે. તે ધીરે ધીરે ચાલી બહાર નીકળી રહી ત્યાં જ વહેલી સવારનાં સૂર્યોદયના દર્શન કરવા અગાશીમાં અમોલજી બહાર નીકળ્યાં ને તેમની નજર વિશ્વંભરી પડી. નીચે આવી તેને ઘરમાં લઈ જઈ હકિકત જાણી. એકલપિંડ તે તેમણે તેણીને પોતાના ઘરમાં આસરો આપ્યો ને ત્યાં જ બન્ને જોડિયા બાળકીને જન્મ આપ્યો. અમોલનું ઘર કિલકારિયોથી ભરાય ગયું.

પાનખરે ખરતા પાંદડા ખસી ગયાં. બાળકીઓ અમોલની છત્રછાયામાં મોટી થતી ગઈ. એ વાતને બાવીસ વર્ષ વિતી ગયાં. કોને ખબર રાધિકા એક દિવસ શું જોઈ ગઈ કે તે દિવસથી નિરાશ રહેવા લાગી અને ધીરે ધીરે ખાટલો જ પકડી લીધો. અમોલને પિતા માનતી આ દીકરીએ વિશ્વંભરીને કોઈક એવા પુરુષ જોડે જોઈ હતી કે તે ન તો માને પૂછી શકી ન અમોલને!

પાનખર જાણે જવા જ ન માંગતી હોય તેમ તે લેવાતી ગઈ, ડોક્ટરોએ હાથ હેઠા મૂક્યાં. તે રાત્રે સોનિકાએ તેને ઝંઝોડી નાંખી ને તેણે મોઢું ખોલ્યું. સોનિકા ચિત્રકાર બની ગઈ. તેણે અંતિમ પાંદડું ચિત્રિત કર્યું ને જ્યારે જાણ્યું કે તે પુરુષ તેઓનો ખરો પિતા હતો ત્યારે તેણે પાનખરે ખરેલાં પાંદડાં ને ફૂલો ભેગાં કર્યા અને મા વિશ્વંભરીને યાદ અપાવ્યું કે જે બીજ વાવી ગયો હતો તેનું સિંચન તો અમોલ જેવા માળીએ કર્યું હતું અને તેના જીવનની પાનખરને વસંતમાં ફેરવી હતી તો કેમ અમને ફરી સજા?

રાધિકા ને મોનિકા પિતા અમોલને વૃક્ષને વળગતી લતાની જેમ વળગી પડી જાણે ફરી કદી પાનખરે ખરતા પાંદડાં કે ફૂલ નહોતી બનવા ઈચ્છતી.વિશ્વંભરીને ભૂલ સમજાય તેણીએ પેલાં ખરેલા પાંદડાને પવન સાથે ઉડી જવા દીધો.અનોખી વસંતનું સ્વાગત કર્યું.

'જયશ્રી પટેલ''૨/૧૧/૨૨'

---

**NOG SS No. 0059.**

વિષય:શબ્દઃ પાનખરે ખરતાં
પાદંડા- ફૂલો.

પ્રકારઃ ગદ્ય- લેખ.

શીર્ષક:'અકળ લીલા- કૂદરતની !'.

શબ્દોઃ ૨૭૫.

શ્ર? જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

વસંત ઋતુમાં,પૃથ્વીના સંપૂર્ણ પટ ઉપર લીલારંગની ચાદર પાથરી, તેનાં ઉપર મનભાવન રંગે વિવિધ જાત ને સાઈઝ ના વિવિધ ખૂશ્બૂ ભરેલા કલાત્મક રંગીન ફૂલોની અમૂલ્ય ક્યારીઓથી સૂશોભિત કરેછે, તેજ કૂદરત,પાનખર ઋતુમાં દરેક વૃક્ષને પર્ણ વિહોણા બનાવવામા જરાપણ સંકોચ અનૂભવતી નથી, અને જેને સુશોભિત બનાવવામા મણા ન્હોતી રાખી તેજ કૂદરત વૃક્ષને બિહામણું બનાવવામા જરાપણ સંકોચ અનુભવતી નથી , તો આ શુ છે !

કુદરત ની અકલ્પનિય કળા !,
નિર્માણ અને નાસ !
તેથીજ સત્ય ને સચોટ કરતી લોકવાયકાઓ છે કે...
કૂદરતની અકળા લીલા સમજવી
પ્યારે', માનવ માટે અસંભવ !
"જે પોષતું, તેજ મારતું ,
શુ આ ક્રમ નથી કૂદરતી " !
સબૂર !

સકારાત્મક વિચાર ધારા પ્રમાણેજ કૂદરતનો આ ક્રમ યૂગોથી ચાલ્યો આવેછે,

જૂનું જશે તો નવુ આવશે ના અકળ નિયમ મૂજબજ કૂદરતનૂં
"પાનખર પછી વંસત",અને
"જીવન પછી મૃત્યુ ",નું અકળ ચક્ર અવિરત ચાલ્યેજ રાખેછે.
શરીર નબળુ પડે, રોગ આવે અને મૃત્યુ ?
જેણે જન્મ ધારણ કર્યોછે તેણે આયુષ્યની સમય મર્યાદા મૂજબ
મૃત્યુ ને આધીન તૈયારજ રહેવાનુ રહેછે.

સમગ્ર જીવ સૃષ્ટી માટે આ કુદરતનો અફર અને અકળ નિયમછે, કારણ ?

"જૂનું જાય તો નવું આવે",
કુદરત આગળ તમામ જીવસૃષ્ટિ પ્યારે' પામરછે,તો પછી,
ખોટી ફરિયાદ શાની ?
પ્યારે ',સ્વિકારભાવજ શ્રેષ્ઠ.
© જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

# તમિલનાડુમાં ભારે વરસાદથી તબાહી, ચેન્નાઈમાં ૨ના મોત,૭ જિલ્લામાં શાળાઓ બંધ



ચેન્નાઇ,તા.૨

તમિલનાડુની રાજધાની ચેન્નાઈ અને તેના ઉપનગરોમાં ભારે વરસાદને કારણે શહેર અને બહારના વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ જવાને કારણે ભારે વરસાદ થયો હતો, જ્યારે વરસાદ સંબંધિત ઘટનાઓમાં બે લોકોના મોત થયા હતા. દીવાલ ધરાશાયી થવાને કારણે એક પુરુષ વીજ કરંટ લાગ્યો હતો જ્યારે એક મહિલાનું મોત થયું હતું. આજે બુધવારે સવારે વરસાદ ઓછો થયો હોવા છતાં, ભારતીય હવામાન વિભાગે ચેન્નાઈ અને તેની આસપાસના જિલ્લાઓ (થિરુવલ્લુર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુ) માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.

હવામાન વિભાગનું કહેવું છે કે કાવેરી ડેલ્ટા ઝોન હેઠળ આવતા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં, રામનાથપુરમ અને શિવગંગામાં પણ ભારે વરસાદ પડી શકે છે. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. દરમિયાન, રાજ્ય સરકારે વરસાદને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા તરીકે ચેન્નઈ, તિરુવલ્લુર અને રાનીપેટ સહિત ૭ જિલ્લાઓમાં શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી હતી જેમાં વેલ્લોર, કાંજીપુરમ, વિલ્લુપુરમ અને ચેંગલપટ્ટુ જિલ્લામાં પણ શાળાઓ અને કોલેજો બંધ રહી હતી રાજધાની ચેન્નાઈમાં ગઈકાલે સવારે ૮.૩૦ વાગ્યાથી આજે સવારે ૫.૩૦ વાગ્યા સુધીમાં ૧૨૬.૧ મિમી વરસાદ નોંધાયો છે. દરમિયાન, તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને ચોમાસાની તૈયારીઓ પર ટોચના અધિકારીઓની ડિજિટલ બેઠકની અધ્યક્ષતા કરી અને અધિકારીઓને એકતામાં કામ કરવા અને ફરિયાદો પર તાત્કાલિક પગલાં લેવા નિર્દેશ આપ્યો.

પ્રાદેશિક હવામાન કેન્દ્ર મુજબ, ચેન્નાઈમાં આગામી ચોવીસ કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદ પડશે અને તિરુવલ્લુર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુ જેવા નજીકના જિલ્લાઓમાં આગામી થોડા દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. આરએમસીએ જણાવ્યું કે તમિલનાડુના તિરુવન્નામલાઈ, વિલ્લુપુરમ, તિરુપટ્ટુર, કલ્લાકુરિચી, કુડ્ડલોર, અરિયાલુર, તંજાવુર, તિરુવરુર, નાગપટ્ટનમ, માયલાદુથુરાઈ, થેની, તેનકાસી, વિરુધુનગર, રામનાથપુરમ અને પુન્યારુમ, થિરુપટ્ટુરમ અને તિરુપ્પારીમાં વધુમાં જણાવ્યું હતું. કન્યાકુમારી જિલ્લાઓ. એક કે બે જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે.

ચેન્નાઈના મુખ્ય વિસ્તાર નુંગમ્બક્કમમાં એક જ દિવસમાં ૮ સેમી, ઉપનગરીય રેડ હિલ્સમાં ૧૩ સેમી અને પેરામ્બુરમાં ૧૨ સેમી વરસાદ નોંધાયો છે. તમિલનાડુમાં કાવેરી ડેલ્ટા ક્ષેત્ર અને કન્યાકુમારી જેવા દરિયાકાંઠાના વિસ્તારો સહિત ૧ સેમી અને ૯ સેમી વચ્ચે ભારે વરસાદ નોંધાયો હતો. તમિલનાડુમાં ૨૯ ઓક્ટોબરે ઉત્તરપૂર્વ ચોમાસાનો વરસાદ શરૂ થયો હતો.છેલ્લા ૩૦ વર્ષમાં પહેલી વખત ૧ નવેમ્બરના રોજ ચેન્નઈમાં આટલો વરસાદ થયો છે. જો કે, છેલ્લા ૭૨ વર્ષમાં ત્રીજો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. સ્થાનિક હવામાન વિભાગ અનુસાર, મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકની અંદર ચેન્નઈમાં ૮ સેમી વરસાદ પડ્યો છે. હવામાન વિભાગ અનુસાર, ચેન્નઈમાં ૧ નવેમ્બર ૧૯૯૦ના રોજ ૧૩ સેમી વરસાદ પડ્યો હતો. આ પહેલા ૧૯૬૪માં આજ તારીખે ૧૧ સેમી વરસાદ પડ્યો હતો. પૂર્વોત્તર ચોમાસું ૧૯ ઓક્ટોબરે તમિલનાડુના દરિયાકાંઠે પહોંચ્યું હતું અને ૩૦ ઓક્ટોબર સુધીમાં સમગ્ર રાજ્યમાં ફેલાઈ ગયું હતું.

# વિદેશમંત્રી એસ. જયશંકરે SCO Councilની ૨૧મી બેઠકનું કર્યુ પ્રતિનિધિત્વ

નવી દિલ્લી, ૨ નવેમ્બરઃ સરકારના વડાઓની જીર્ઝ કાઉન્સિલની ૨૧મી બેઠક પહેલી નવેમ્બરના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાઈ હતી જેનુ પ્રતિનિધિત્વ કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકરે કર્યું હતું. આ બેઠકમાં જીર્ઝ સભ્ય દેશો, નિરીક્ષક દેશો, SCOના મહાસચિવ, SCO પ્રાદેશિક આતંકવાદ વિરોધી સંરચના, તુર્કમેનિસ્તાનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને અન્ય આમંત્રિત મહાનુભાવોએ હાજરી આપી હતી.

બેઠકને સંબોધતા વિદેશમંત્રીએ ઈછસ્ના જીર્ઝ પ્રદેશ સાથે ભારતના મજબૂત સાંસ્કૃતિક અને ઐતિહાસિક જોડાણો વિશે વાત કરી સાથે ખોરાક અને ઉર્જા સુરક્ષા, આબોહવા પરિવર્તન, વેપાર અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં બહુપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા માટે ભારતની મક્કમ પ્રતિબદ્ધતા વિશે જણાવ્યુ. તેમણે ૨૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા વૈશ્વિક મિશન 'લાઈફ'ની શરૂઆત અને ખાદ્ય અને ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેની સુસંગતતા વિશે પણ વાત કરી હતી.

વિદેશ મંત્રીએ ટ્વીટ કરીને જણાવ્યું કે બિઝનેસ કેવી રીતે વધારવો

વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વીટ કર્યું કે, જીર્ઝ સભ્યો સાથે અમારો કુલ વેપાર માત્ર ૧૪૧ બિલિયન ડોલર છે,

જેમાં અનેકગણો વધારો થવાની સંભાવના છે. કોઈ પણ




એકાધિકાર વગરનો બજાર પ્રવેશ આપણા પરસ્પર લાભ માટે છે. '

અન્ય એક ટ્વીટમાં, વિદેશ મંત્રીએ કહ્યું કે ચાબહાર પોર્ટ અને આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર કનેક્ટિવિટી સુધારવામાં મદદ કરી શકે છે અને આ ક્ષેત્રમાં આર્થિક સંભાવનાઓને અનલૉક કરી શકે છે. તેમણે કહ્યું કે કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સે સભ્ય દેશોની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવું જોઈએ.

બેઠકનો મુખ્ય એજન્ડા વ્યાપાર અને આર્થિક હિતો પર કેન્દ્રિત હતો.

સરકારના વડાઓની જીર્ઝ કાઉન્સિલની બેઠક દર વર્ષે યોજાય છે. બેઠકનો મુખ્ય એજન્ડા વ્યાપાર અને આર્થિક હિતો પર કેન્દ્રિત રહે છે.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની વાર્ષિક સમિટ આ વર્ષે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ઉઝબેકિસ્તાનના સમરકંદમાં યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો.

આ દરમિયાન તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ સાથે અલગ-અલગ મુલાકાત કરી હતી.

વિદેશ મંત્રી એસ. જયશંકર પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પ્રવાસે ગયા હતા.

### સિઝનનો પ્રથમ સ્નોફોલ:કાશ્મીરમાં હિમવર્ષા, લદાખનો રસ્તો બંધ

નવીદિલ્હી,તા.૨

દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં નવેમ્બર મહિનામાં દિવસનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઘણું ઓછું રહેશે, જ્યારે ઉત્તર પશ્ચિમ ભારતનાં રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં દિવસનું તાપમાન સામાન્યથી વધુ રહેશે. હવામાન વિભાગે જારી કરેલા રિપોર્ટમાં આ આગાહી કરી છે.હવામાન વિભાગના મતે, ઉત્તર પશ્ચિમ ભારતને છોડીને દેશના અન્ય રાજ્યોમાં રાતનું તાપમાન સામાન્યથી વધુ રહેશે. આ ઉપરાંત નવેમ્બરમાં ઉત્તર પશ્ચિમ ભારતના રાજ્યોમાં દિવસ અને રાતના તાપમાનમાં ૧૫ ડિગ્રીનો ફર્ક નોંધાઈ શકે છે.

# નવા ભારતમાં મોટા સુધારા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રતિભા પર ફોકસ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ત્રણ દિવસીય 'ગ્લોબલ ઈન્વેસ્ટર્સ મીટ' (જીઆઈએમ)ના ઉદ્‌ઘાટન સમયે કહ્યું હતું કે નવું ભારત મોટા સુધારાઓ, વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મહાન પ્રતિભા પર કેન્દ્રિત છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે કર્ણાટકમાં રાજ્ય અને કેન્દ્ર બંનેમાં એક જ પક્ષની સરકાર સાથે ડબલ એન્જિન સરકારની શક્તિ છે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાંથી માત્ર ૪૦૦ કર્ણાટકમાં છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાના સંબોધનમાં કહ્યું કે ગયા વર્ષે ભારતે લગભગ ઈ૮૪ બિલિયનનું રેકોર્ડ વિદેશી પ્રત્યક્ષ રોકાણ હાંસલ કર્યું હતું. તમે એ પણ જાણો છો કે જ્યારે વિશ્વ કોવિડ રોગચાળા અને યુદ્ધના સંજોગો સામે લડી રહ્યું છે ત્યારે આ પરિણામો આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ભલે આ વૈશ્વિક કટોકટીનો સમયગાળો છે, પરંતુ વિશ્વભરના નિષ્ણાતો, વિશ્લેષકો અને આર્થિક નિષ્ણાતો ભારતને એક તેજસ્વી સ્થાન કહી રહ્યા છે. અને અમે અમારી મૌલિકતા પર સતત કામ કરી રહ્યા છીએ, જેથી કરીને ભારતની અર્થવ્યવસ્થા દિવસેને દિવસે મજબૂત બને.

તેમણે કહ્યું કે જ્યાં એક તરફ આપણે એફડીઆઈ ક્ષેત્રમાં ઝડપી વૃદ્ધિનો અનુભવ કરી રહ્યા છીએ, તો બીજી તરફ દેશમાં તબીબી સંસ્થાઓ અને હોસ્પિટલોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તેમણે કહ્યું કે ભારતે છેલ્લા કેટલાક મહિનામાં જેટલા પણ મુક્ત વેપાર સોદા કર્યા છે, તેનાથી વિશ્વને ભારતની સજ્જતાની ઝલક જોવા મળી છે. દેશમાં સતત વધી રહેલા યુનિકોર્નને લઈને પીએમ મોદીએ કહ્યું કે આજે દુનિયા ઈન્ડસ્ટ્રી ૪.૦ તરફ આગળ વધી રહી છે. ભારતના યુવાનોએ વર્ષોથી ૧૦૦ થી વધુ યુનિકોર્ન બનાવ્યા છે. ભારતમાં ૮ વર્ષમાં ૮૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ બન્યા છે. પીએમ મોદીએ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ મીટમાં કહ્યું કે જ્યારે આપણે ટેલેન્ટ અને ટેક્નોલોજી વિશે વાત કરીએ છીએ ત્યારે મારા મગજમાં સૌથી પહેલું નામ બેંગ્લોર આવે છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના આ યુગમાં સમગ્ર વિશ્વને વિશ્વાસ છે કે ભારતીય અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત છે. તેમણે વધુમાં કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે. ન્યૂ ઈન્ડિયા મોટા સુધારાઓ, વ્યાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મહાન પ્રતિભા પર કેન્દ્રિત છે.

કેન્દ્ર અને રાજ્ય બંનેમાં એક જ પક્ષની સરકાર હોવાના ફાયદાનું વર્ણન કરતાં પીએમ મોદીએ કહ્યું કે કર્ણાટકમાં રાજ્ય અને કેન્દ્ર બંનેમાં એક જ પક્ષની સરકાર સાથે ડબલ એન્જિન સરકારની શક્તિ છે. કર્ણાટક ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ટોચના રેક્કર્સમાં સતત પોતાનું સ્થાન જાળવી રહ્યું છે. ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાંથી માત્ર ૪૦૦ કર્ણાટકમાં છે. ભારતના ૧૦૦ થી વધુ યુનિકોર્નમાંથી ૪૦ થી વધુ કર્ણાટકમાં છે.

કર્ણાટકમાં આયોજિત વૈશ્વિક રોકાણકારોની મીટનો ઉદેશ સંભવિત રોકાણકારોને આકર્ષવાનો અને આગામી દાયકા માટે વિકાસનો એજન્ડા સેટ કરવાનો છે.



गोभक्ति महामहोत्सव के अंतर्गत गोपाष्टमी के पावन पर्व पर जगद्गुरु शंकराचार्य के करकमलों से एतिहासिक श्री सुरभि शक्तिपीठ की शिला का पूजन समारोह हुआ उपस्थित धर्मसभा को जगतगुरु शंकराचार्य ने किया संबोधित किया इस अवसर पर भारतवर्ष के अनेक वीतराग महापुरुष एवं मूर्धन्य विद्वानों की मंगल सन्निधि में गोपाष्टमी महापर्व के सारे उत्सव संपादित हुए

# સુરતની બદલશે સુરત. ટુંક સમયમાં સુરત બનશે 'ગ્રીન સુરત,ખુબસુરત સુરત'

**ખ્યાતનામ કંપની જે.કે. સ્ટાર, બે સગાં ભાઈઓ શૈલેષભાઈ લૂખી અને નંદેશભાઈ લૂખીનું સુરતમાં ૫૦,૦૦૦ વૃક્ષો વાવી,ત્રણ વર્ષ સુધી વ્યવસ્થિત મોટાં કરવાં માટે માતબર અનુદાન**

**વૈશ્વિક સ્તરે,એક જ શહેર માટે એક જ કુટુંબનું આ પ્રકારનું સર્વપ્રથમ અને ઐતિહાસિક માતબર અનુદાન**

વૈશ્વિક સ્તરે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલી ખ્યાતનામ કંપની જે.કે. સ્ટાર, બે સગાં ભાઈઓ શૈલેષભાઈ લૂખી અને નંદેશભાઈ લૂખી દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી ચલાવવામાં આવે છે. ગારીયાધારની બાજુમાં આવેલ નવાગામ આ માનવતાપ્રેમી ભાઈઓનું મૂળ વતન છે. હાલમાં આ અત્યંત દયાળુ પરિવાર મુંબઈમાં વસવાટ કરે છે.સમગ્ર સુરતને 'ગ્રીન સિટી' બનાવવા અને સુરતની ખરાં અર્થમાં સુરત બદલી નાંખવા માટે તેમણે માતબર રકમનું અનુદાન અત્યંત વિનમ્ર ભાવે અને કર્તવ્ય પાલનનાં ભાગ રૂપે ઘોષિત કર્યું છે. ૫૦,૦૦૦ થી પણ વધારે વૃક્ષો વાવી અને તેના ત્રણ વર્ષ સુધીનાં સુવ્યવસ્થિત ઉછેરનું સત્કાર્ય તેઓ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમ(રાજકોટ)ને સેવાભાવ થી સોંપવામાં આવ્યું છે. ૨૫ ટ્રેક્ટર અને ૨૫ ટેક્નર તેમજ ૧૦૦ માણસોનો પગારદાર સ્ટાફ ત્રણ વર્ષ સુધી સુરતમાં રોકાઈને આ ભગીરથ કાર્ય પૂર્ણ કરશે. સુરત શહેરમાં તથા આસપાસનાં જુદા-જુદા અનેક રસ્તાઓ પર વૃક્ષારોપણ કરીને રળીયામણા કરવામાં આવશે.

સુરતમાં વાવવામાં આવતા વૃક્ષો તેમજ તેની જાળવણી અને ઉછેરની સંપૂર્ણ જવાબદારી ખ્યાતનામ કંપની જે.કે. સ્ટારનાં બે સગાં ભાઈઓ શૈલેષભાઈ લૂખી અને નંદેશભાઈ લૂખી ઉપાડશે.

શૈલેષભાઈ લૂખી અને નંદેશભાઈ લૂખી(જે.કે. સ્ટાર)દ્વારા દેશીકુળના વૃક્ષોથી સુરતને જોડતા હાઈવે,શહેરનાં મુખ્ય માર્ગો હરીયાળા બનાવવામાં આવશે..જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી વિવિધ કેમ્પસમાં અને સુરતનાં અન્ય અનેક જાહેર સ્થળોએ ગાઢ જંગલો નિર્માણ પામશે.વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કરવામાં આવશે. વૃક્ષો વાવવા સહેલા છે પણ તેની માવજત કરવી અઘરી છે. જયારે શૈલેષભાઈ લૂખી(જે.કે. સ્ટાર)દ્વારા સુરતમાં ૧૦ ફૂટનાં વૃક્ષોના વાવેતર સાથે તેને ૮ ફૂટનાં પિંજરાથી(ગ્રીન મેટ સાથેનાં) રક્ષણ આપવામાં આવશે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા આ તમામ(અંદાજે ૫૦,૦૦૦થી વધુ) વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવશે. સુરત બાદ સમગ્ર ગુજરાતને 'ગ્રીન સ્ટેટ' બનાવવાનું પણ મહત્વાકાંક્ષી સ્વપ્ન છે.એક સમયે લગભગ વૃક્ષોથી રળીયામણાં હતા, પરંતુ ફોરટ્રેક અને સિક્સટ્રેક થતાં વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે. તેથી ફરીને આ હાઈ-વે,રસ્તાઓ હરીયાળા કરવાનું અભિયાન સ્વૈચ્છિક રીતે, માત્ર પર્યાવરણની સેવાની ભાવનાથી હાથ ધરવામાં આવ્યું હોવાનું આ અભિયાનનાં સુત્રધાર શૈલેષભાઈ લૂખી(જે.કે. સ્ટાર)એ જણાવ્યું છે.




૮ ફૂટનાં લોખંડના પીંજરા સાથે ૧૦ ફૂટનાં વૃક્ષોનું સલામત રીતે સુરતમાં આરોપણ કરવામાં આવ્યા બાદ સતત ત્રણ વર્ષ ટેક્નરથી તેને પાણી પીવડાવવામાં આવશે. કોઈ કારણથી રોપાને નુકસાન થયું હોય તેની જગ્યાએ બીજા રોપાનું વાવેતર કાર્યકરો કરી આપશે. સરકારી ખરાબાની જમીન અને જાહેર સ્થળોએ પચાસ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે.સુરત તથા આસપાસ નાં ગ્રામ્ય વિસ્તારોમાં એક સમયે જ્યાં ગાંડા બાવળ ઉભા હતા, ત્યાં ભવિષ્યમાં હરીયાળા વૃક્ષો કતારબંધ જોવા મળશે. લીલાછમ વૃક્ષોથી શોભતા માર્ગો સુરત શહેરની અલગ ઓળખ ઉભી કરી તેને 'ખુબસુરત' બનાવશે. તેમ સુરતને જોડતા હાઈવે પણ હરીયાળી થકી સુરતની પ્રાકૃતિક શોભામાં વધારો કરશે.સુરતમાં રસ્તાઓની બંને સાઈડ ઉપર વૃક્ષારોપણનું કામ શરૂ પણ થઈ ગયું છે. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે.વર્તમાન સમયમાં વાતાવરણમાં પ્રદુષણની માત્રામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે જેના કારણે ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતી સર્જાતાં હાલમાં ચિંતાનો વિષય બન્યો છે. આવા સંજોગોમાં દરેક વ્યક્તિએ પર્યાવરણની જાળવણી કરવા માટે પ્રયાસ કરવો ખુબજ અનિવાર્ય બની ગયું છે. વૃક્ષોનું રોપણ કરવું તેમજ વૃક્ષારોપણ બાદ તે વૃક્ષોનું યોગ્ય રીતે ઉછેર થાય તે જરૂરી છે.વૃક્ષો ઓક્સિજનનો સૌથી મોટો સ્રોત છે. તેથી વૃક્ષારોપણ કરીને ઓક્સિજનનું સ્તર વધારવા નાગરિકોને સજાગ કરવાની તાતી જરૂરિયાત છે તેવી ભાવના આ મહાઅભિયાનનાં પર્યાવરણ પ્રેમી પ્રણેતા,વતન પ્રેમી સુત્રધાર ઉદ્યોગઋષિ શૈલેષભાઈ લૂખી(જે.કે. સ્ટાર)એ વ્યકત કરી છે.

# જંબુસરના કોંગ્રેસના ધારાસભ્ય સંજય સોલંકી ઉપર હુમલો

ભરૂચ,તા.૨

કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રામાં જંબુસરના કોંગી ધારાસભ્ય ઉપર હુમલો થયો છે. ભરૂચ જિલ્લા કોંગી પ્રમુખ અને ટિકિટ વાંચ્છુકોએ હુમલો કરાવ્યાના સંજય સોલંકીએ આક્ષેપ કરતા રાજકીય વાતાવરણ ગરમાયુ છે. જંબુસરથી આમોદ કાર અને બાઇક રેલી સ્વરૂપે યાત્રામાં આમોદ નજીક કોંગી એમએલએ ને બાઇક ઉપરથી ફેંકી દેવાયા હતા. યાત્રાના રૂટ વિશે બે જૂથ વચ્ચે તકરાર બાદ મામલો બિચક્યો હતો. પ્રદેશ કોંગ્રેસમાં જિલ્લા મોવડી મંડળ ઉપર કાર્યવાહી કરવા ધારાસભ્યએ રજુઆત કરવાની તૈયારી બતાવી છે તો કોંગ્રેસના જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણાએ આંતરિક બાબતની તકરારમાં તેમના ઉપરખોટા આક્ષેપ કરાયા હોવાનું જણાવ્યું હતું.

ભરૂચ જિલ્લામાં જંબુસરથી શરૂ થયેલી કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રાના પ્રારંભે જ જૂથવાદના દ્રશ્યો જોવા મળ્યા હતા. આમોદ તરફ રેલી સ્વરૂપે આવી રહેલા જંબુસરના કોંગી સ્ન્છ સંજય સોલંકીને બાઇક ઉપરથી ફેંકી દઇ હુમલો કરાતા રાજકીય તકરાર સપાટી ઉપર આવી હતી. કોંગી ધારાસભ્યે પોતાના ઉપર હુમલો જિલ્લા કોંગ્રેસ પ્રમુખના ઈશારે ટિકિટ વાંચ્છુકોએ કર્યો હોવાનો આક્ષેપ લગાવતા હવે ભરૂચ જિલ્લામાં ચૂંટણી પેહલા જ કોંગ્રેસમાં આંતરિક ખટરાગ સામે આવી રહ્યો છે.જંબુસરથી કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રા બાઇક અને કાર રેલી સ્વરૂપે આમોદ તરફ આગળ વધી હતી. ધારાસભ્ય સંજય સોલંકી બાઇક ઉપર સવાર હતા ત્યારે તેમના ઉપર અચાનક હુમલો કરવામાં આવતા બાઇક ઉપરથી ફેંકી દેવામાં આવ્યા હતા.

ટિકિટ વાંચ્છું આમોદ તાલુકાના કોંગ્રેસના આગેવાનોના ઈશારે હિચકારો હુમલો કરવામાં આવ્યો હોવાની ધારાસભ્યએ પ્રતિક્રિયા આપી હતી. યાત્રામાં ધારાસભ્ય સંજય સોલંકી વિરુદ્ધ નારા પણ લગાવવામાં આવ્યાં હતાં.

ધારાસભ્ય એ તેમના ઉપર હુમલો જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણાના ઈશારે થયો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેઓને યાત્રાના બદલાયેલા રૂટ અંગે પણ જાણકારી નહિ આપી હોવાનો રોષ વ્યકત કરી પોલીસ ફરિયાદ નોંધાવવા તૈયારી બતાવી હતી.

# મોરબીની દુર્ઘટનામા જીવ ગુમાવનારા નાગરિકોને ડાંગ જિલ્લા વહીવટી તંત્રે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી



આહવાઃ તાઃ ૨ઃ મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામા જીવ ગુમાવનારા દિવંગત નાગરિકોને ડાંગ વહીવટી તંત્ર દ્વારા પ્રાર્થના સભાનુ આયોજન કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર-વ-મેજિસ્ટ્રેટ શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાની ઉપસ્થિતમા વહીવટી વિભાગના અધિકારી/કર્મચારીઓ દ્વારા પ્રાર્થનાસભાનુ આયોજન કરી, શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે, બે મિનિટનુ મૌન પાળી દિવંગત આત્માઓને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામા હતી.

આ સાથે જ ડાંગ જિલ્લા પંચાયત, ત્રણેય તાલુકા પંચાયત તેમજ ગ્રામ પંચાયતના કર્મીઓ દ્વારા પણ પોતાની ઓફિસોમા મૌન પાળી દિવંગત આત્માઓને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામા આવી હતી.

નરેન્દ્ર પવાર, ડાંગ

# અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત નડીયાદ વાસીઓ એ યોજ્યો ખાસ નડિયાદ ના મિત્રો માટે "દિવાળી મિલન સમારંભ"





તારીખ ૨૯ ઓક્ટોબરના દિવસે સાંજે ૬-૦૦ થી રાત્રે ૧૧-૦૦ ખાસ નડીયાદ ના મિત્રો માટે દિવાળી મિલન ઉત્સવ નું આયોજન RRB Dance Studio,South St. ખાતે રાખવામાં આવ્યું હતું....હૉલમાં પ્રવેશતા જ સૌ પ્રથમ ગોઠવેલ ફોટો બુથ પાસે પોત પોતાના મિત્રો સાથે ખૂબજ ઉત્સાહ થી એક-બીજાના ફોટા પાડતા હતા... અને એક બીજા ને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા હતા....ખાસ આ પોગ્રામ માં સૌના મનોરંજન માટે ખાસ સેન-ઓજે થી કલાકાર બેલડી પ્રાજક્તા અને પરબ એ નવા-જુના યાદગાર ફિલ્મી ગીતો તથા લોક ગીત અને અંતમા આપણા ગરબા રજુ કરીને હાજર સૌના મન મોહી લીધા હતા...ઉત્સાહી સભ્ય ભાઈ બહેનો ફિલ્મી ગીતોના તાલમાં ડાન્સ માં જોડાયા હતા તેમજ ગરબા શોખીન ભાઈ-બહેના એ ગરબા પણ મન મુકીને માણ્યા હતા..sangeet સ્પોન્સરર શ્રી પ્રકાશભાઈ મિસ્ત્રી હતા તેમજ આયોજકોમાં સર્વશ્રી અનિલ દેસાઈ,પનીલ દેસાઈ, રાકેશ દેસાઈ,વિરેશ દેસાઈ,કીરણભાઈ ચોકસી, અને અરવિંદભાઈ પટેલ મુખ્ય હતા. આ સમસ્ત કાર્યકમના સ્વયમસેવક ભાઈઓ તથા બહેનો ને ધન્યવાદ...

(માહિતી તથા તસ્વિર;-કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# 'ભગવાન રાજી નહીં હોય એટલે આ દુર્ઘટના બની', ઓરેવા કંપનીના નિવેદનથી વિવાદ

રાજકોટ,તા.૨

ગુજરાતના મોરબીમાં ૩૦ ઓક્ટોબરે થયેલ પુલ અકસ્માત સમગ્ર દેશ માટે ખૂબ જ દુઃખદ ઘટના છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩૫ લોકોના મોત થયા છે અને નદીમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. દરમિયાન બ્રિજનું રિનોવેશન કરનાર કંપનીએ કોર્ટમાં વિચિત્ર દલીલ કરી છે અને કહ્યું છે કે આ વખતે ભગવાનની કૃપા નહીં હોય, તેથી આ દુર્ઘટના બની છે.

મોરબી બ્રિજ અકસ્માત અંગે ઓરેવા કંપનીએ કોર્ટમાં નિવેદન આપ્યું છે. જેમણે રિનોવેશન કર્યું હતું. ઓરેવાના મીડિયા મેનેજર દીપક પારેખે કોર્ટમાં કહ્યું કે અમારા એમડી જયસુખ પટેલ સારા વ્યક્તિ છે. ૨૦૦૭માં પ્રકાશભાઈને કામ સોંપવામાં આવ્યું, કામ સારી રીતે કરવામાં આવ્યું હતું. તેથી તેમને ફરીથી કામ સોંપવામાં આવ્યું. અમે પહેલાં રિપેરિંગ કામ કર્યું હતું. આ વખતે ભગવાનની કૃપા નહીં હોય, કદાચ તેથી જ આ દુર્ઘટના બની છે.

મોરબી બ્રિજ દુર્ઘટના વચ્ચે ઓરેવા ગ્રુપ અને મોરબી કલેક્ટરની મીટીંગનો પત્ર વાયરલ થયો છે જે અંગે ઓરેવા ગ્રુપે મોરબી કલેક્ટરને બે વર્ષ પહેલા લખ્યો હતો. આ પત્ર કામચલાઉ સમારકામ કરીને પુલ શરૂ કરવા અંગે લખવામાં આવ્યો હતો. આ પત્રમાં ઓરેવા ગ્રૂપે લખ્યું છે કે જો માત્ર રિપેરિંગનું કામ જ કરવાનું હોય તો કંપની રિપેર માટે કોઈપણ પ્રકારની સામગ્રી કે સામાન મંગાવવાની નથી.પત્રમાં ઓરેવા ગ્રૂપે લખ્યું છે કે, જ્યાં સુધી કાયમી કરારની સમગ્ર પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી અમે હંગામી પુલ શરૂ કરીશું. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ અમે કાયમી સમારકામ શરૂ કરીશું. અંતમાં પત્રમાં લખ્યું છે કે, સાહેબ અમે કામચલાઉ સમારકામ કરીને કેબલ બ્રિજ શરૂ કરવાના છીએ, અમને ખાતરી છે કે આ બાબતો ટૂંક સમયમાં ઠીક થઈ જશે. હંગામી સમારકામ બાદ પુલને ફરીથી ખોલી શકાશે.ઓરેવા કંપનીના પત્ર અને કોર્ટમાં પોલીસના નિવેદન બાદ મોરબી બ્રિજ અકસ્માતમાં ૧૦ મોટી બેદરકારી સામે આવી છે, જેના કારણે ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.



**ઓડિશામાં ફરવા ગયેલ પેથાપુરના ત્રણ સ્વજનોનું આકસ્મિક મોત**

**કિરણભાઈ મહેતા,રસિકભાઈ મિસ્ત્રી,જે પી પરમાર વાયરમેન...**

# ગુજરાતમાં તક્ષશિલાકાંડ, લઠ્ઠાકાંડ જેવી ૫ મોટી દુર્ઘટનામાં કમિટી રચાઈ, પણ મોટાં માથાં પકડી શકી નહીં

અમદાવાદ,તા.૨

મોરબીમાં ઝૂલતો પુલ તૂટી પડતાં ૧૩૫ લોકોનાં કરુણ મોત નીપજયા છે. આટલી મોટી ગંભીર ઘટનામાં સરકાર ફરી એકવાર સંવેદનશીલતા, સહાય, તપાસ સમિતિ, કસુરવારોને નહીં છોડાય એવું રટણ કરી રહી છે. ચૂંટણી માથા પર છે એટલે હાલ વધુ ગંભીરતા દાખવવામાં આવી રહી છે પરંતુ સમય જતા અન્ય ઘટનાઓની જેમ આ ઘટના પણ કાગળોમાં રહી જશે. સાચા કસૂરવારો હાથમાં નહીં આવે. સુરતના તક્ષશિલાથી લઈને બોટાદ- બરવાળાના લઠ્ઠાકાંડ સહિતની ઘટનાઓમાં સરકારે આ જ રટણ કર્યું, સમિતિ બનાવી પણ મોટાં માથાં ખુલ્લેઆમ ફરી રહ્યાં છે.અત્યાર સુધીની ઘટનાઓમાં સરકારે સમિતિઓ અને તપાસપંચ નીમ્યા છે. અનેકનાં વર્ષો સુધી રિપોર્ટ નથી આવ્યા જ્યારે જે સમિતિએ રિપોર્ટ સુપરત કર્યા છે તેમાં સૂચવાયેલાં પગલાં લેવાની દરકાર સરકાર લેતી નથી પરિણામે આવા રિપોર્ટ સચિવાલયમાં ફાઈલોના પોટલામાં કેદ થઈ જાય છે.

ગુજરાતમાં બનેલી ૫ મોટી દુર્ઘટનાઓમાં કમિટી રચાઈ હતી જેની સ્થિતિ જોઇએ તો ..ઓગસ્ટ ૨૦૨૦માં અમદાવાદની કોવિડ ડેડીકેટેડ શ્રેય હોસ્પિટલમાં આગ લાગતા ૮ લોકોનાં મોત થયાં હતાં. નવેમ્બરમાં રાજકોટની ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં પણ આગ લાગતા ૬ દર્દીનાં મોત થયાં હતાં. સરકારે હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ ડી.એ.મહેતાની અધ્યક્ષતામાં તપાસ પંચ નીમ્યુ હતું. શ્રેય હોસ્પિટલના ટ્રસ્ટી ભરત મહંત સહિતના આરોપી જામીન પર મુક્ત છે. જયારે મે ૨૦૧૯માં સુરતના તક્ષશિલા આર્કેડમાં આગ લાગતા ૨૨ વિદ્યાર્થીના મોત થયા હતા. સરકારે કોઈને છોડાશે નહીં એવી ખાતરી આપી હતી.પરંતુ હાલ ધરપકડ કરાયેલા ૧૪ પૈકી ૧૩ આરોપીઓ જામીન પર છૂટી ગયા છે. માત્ર કોચિંગ ક્લાસ સંચાલક જેલમાં છે. સસ્પેન્ડેડ ૬ અધિકારી- કર્મચારી નોકરી પર પરત ફર્યા છે. બોટાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેમિકલયુક્ત દારૂ પીવાથી ૫૫ના મોત થયા હતા. પોલીસે કંપનીના ડાયરેક્ટરોના નામ એફઆઈઆરમાં દાખલ કર્યા ન હતા. કેમિકલ કંપનીના મુખ્ય સંચાલક સમીર પટેલ સહિતના ડાયરેક્ટરો સામે કોઇ પગલાં નહીં. સાઇડ પોસ્ટિંગ પરના આઇપીએસને તાજેતરમાં રેગ્યુલર પોસ્ટિંગ આપી દેવાયું.

આવી જ રીતે સપ્ટેમ્બર ૨૦૨૦માં અમદાવાદના યુનિવર્સિટી વિસ્તારમાં એસ્પાયર-૨ નામની બિલ્ડિંગની લિફ્ટ તૂટી પડતા ૭ શ્રમજીવીઓના મૃત્યુ થયા હતા.પરંતુ પોલીસ તપાસમાં બિલ્ડરોને બચાવવાનો પ્રયાસ થયો છે. ઘટનાના દોઢ મહિના બાદ પણ પોલીસે બિલ્ડરો સામે કોઇ કાર્યવાહી કરી નથી કે ગુનો દાખલ કર્યો નથી. જયારે નવેમ્બર ૨૦૨૦માં અમદાવાદના પીરાણામાં સાહિલ કેમિકલ ગોડાઉનમાં બ્લાસ્ટને કારણે આગ લાગતા ૧૨ શ્રમિકના મૃત્યુ થયાં હતાં. મંજૂરી વિના કેમિકલ સ્ટોરેજ થતું હોવાનું ખૂલવા છતાં કોર્પોરેશન તથા જીપીસીબીની બેજવાબદારી સામે આવી છતાં અધિકારીઓ સામે કોઇ પગલાં નહીં.

કોઈપણ ઘટના બને ત્યારે જનઆક્રોશને ધ્યાને લઈને સરકાર દ્વારા તાત્કાલિક તપાસ કમિટી કે પંચની રચના કરી દેવામાં આવે છે. તટસ્થ તપાસ અને કડક કાર્યવાહીના નિવેદનો કરવામાં આવે છે. પરંતુ સમિતિ કે પંચ દ્વારા થતી તપાસ એટલી ધીમી હોય છે કે જ્યારે તેનો રિપોર્ટ આવે ત્યારે મામલો ઠંડો પડી જતો હોય છે. જેથી સરકાર રિપોર્ટના આધારે કોઇ પગલાં લેતી નથી. વર્ષ ૨૦૧૭માં રાજ્યમાં મગફળીના ગોડાઉનોમાં આગ લાગવાની ઘટનાઓની તપાસ માટે તપાસ પંચ રચાયું હતું. આ પંચની મુદ્દત હજુ વધારી દેવાઈ છે.




# ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી મુકુલ વાસનીકજીનું રાજકોટ એરપોર્ટ પર સ્વાગત કરતું રાજકોટ શહેર કોંગ્રેસ

રાજકોટ ,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી મુકુલ વાસનીકજી ગુજરાત ના પ્રવાસે તા.૦૨/૧૧ અને ૦૩/૧૧ સુધી આવેલ હોય તેમજ રાજુલા ખાતે પરિવર્તન યાત્રામાં જનાર હોય ત્યારે આજરોજ રાજકોટ એરપોર્ટ ખાતે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રદીપભાઈ ત્રિવેદી, ગાયત્રીબા વાઘેલા, ડી.પી.મકવાણા, અતુલભાઈ રાજાણી, મિતુલભાઈ ડોંગા, મનસુખભાઈ કાલરીયા, દીપતિબેન સોલંકી, ગોપાલભાઈ અનડકટ, રણજિત મૂંઘવા,



હરપાલસિંહ જાડેજા, યુનુસભાઈ જુણેજા, પ્રભાતભાઈ ડાંગર, વૈશાલી બેન શિંદે, આશીસ ભાઈ વાઢેર, હાર્દિપ રાજપુત, ભરતભાઈ મકવાણા, સહિતના રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(વિરલ ભટ્ટ)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.